ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુના વિદ્યાર્થીઓને વૈકલ્પિક ખર્ચ પેટે આપવામાં આવતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/ન.બા.-૨૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૦૪/૨૦૧૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૪-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૧/૧૧/૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃ ક્રમાંકઃઅજાક/ગ.૧/૧/ ૨૦૧૧-૧૨/૮૪૫૮-૫૯

**ઠ રા વઃ-**

અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વૈકલ્પિક ખર્ચ પેટે આપવામાં આવતી ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ આપવા અંગેની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૪-૪-૨૦૧૧ ના ઠરાવથી અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ ના વિદ્યાર્થીઓને તમામ ધોરણોમાં રૂ. ૬૫૦/- ની ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૨૧/૧૧/૨૦૧૧ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ કરેલ નવી બાબત અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતીઓ ના ધો. ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી વાર્ષિક શિષ્યવૃત્તિ રૂ. ૬૫૦/-ના બદલે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિધ્યાર્થિઓને વાર્ષિક રૂ. ૭૫૦/- અને ધોરણ ૯ થી ૧૦ ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૧૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ. 300.00 લાખની કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને

૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(3) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ યોજનાનો અમલ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૯) બીસીકે-૧૭ અનુજાતિ પેટા યોજના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી વગેરે જાતીના વિદ્યાર્થીઓને વૈકલ્પિક ખર્ચ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૨-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..

સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

X--------X-------X